Divyabhaskar (Suppl.: Citybhaskar)

EDII

January 21, 2021
Pg.2

## વાંસકામ કરતા હસ્તકળા કારીગરો માટે પાંચ દિવસીય 'હસ્તકળા સેતુ યોજના'નો વર્કશોપ યોજાયો

# વાંસને કળાત્મક ઓપ આપતી 25 મહિલા હવે ખાટવર્કની કળાકૃતિઓ પણ બનાવશે

**HANDICRAFT**

સિટી રિપોર્ટર . અમદાવાદ






હાથીજણ હાઈસ્કૂલ વિવેકાનંદનગરમાં આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા, ગુજરાત કોટેજ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ સેન્ટર અને ગુજરાત સરકાર દ્વારા હસ્તકળાનું કામ કરતા કારીગરોને પડતી તકલીફો દૂર કરી સરકારી સહાય સાથે જોડવા પાંચ દિવસીય 'હસ્તકળા સેતુ યોજના'ના કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં હસ્તકળાની વિવિધ કામગીરી કરતા કારીગરોને અમદાવાદ જિલ્લા ટીમ ટ્રેનિંગ આપી રહી છે. ઓક્ટોબરથી ડિસેમ્બર મહિના દરમિયાન 850 જેટલા કારીગરોને તાલીમમાં જોડવામાં આવ્યા છે. આ તાલીમ પ્રોગ્રામમાં ખાસ વાંસકામ કરતી 25 બહેનોએ ભાગ લીધો છે. ભાનુમતીબહેન કડુસ્કરે સ્થાનિક આગેવાની લઈને તમામ બહેનોને એકત્ર કરી હતી. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન જીસીઆઈડીસી અને ઈડીઆઈઆઈ, અમદાવાદ જિલ્લાની ટીમનાં પ્રીતી ભટ્ટ અને ટીમ જિતેન્દ્ર ગરવા, કિંજલ જાગેટિયા તથા દિનેશ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું છે. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય કારીગરોને કામ મળે અને વિકાસ થાય તે જ છે.